# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક ભરતી(ધો.૬ થી ૮) અંગેની જાહેરાત વર્ષઃ ૨૦૧૫-૧૬

જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ-૬ થી ૮)માં ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકોની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ ૧૦૭૯ જગ્યાઓ પૈકી ગણિત/વિજ્ઞાનના વિષયની ૪૫૮, ભાષાઓના વિષયની ૩૩૪ અને સામાજિક વિજ્ઞાનના વિષયની ૨૮૭ જગ્યાઓ નીચે જણાવેલ વિગતે મેરીટ યાદી તૈયાર કરવા માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ તથા વખતો-વખતના સુધારા ઠરાવો અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન-લાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૨૩/૧૨/૨૦૧૫ થી તા.૦૫/૦૧/૨૦૧૬ દરમ્યાન આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | શિક્ષણ સમિતિ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ | જનરલ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પછાત વર્ગ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા ધરાવતા માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|
| વિસભ ૦૪/૨૦૧૫-૧૬ ગણિત / વિજ્ઞાન | જિલ્લા | ૪૫૧ | ૩૨૨ | ૨૧ | ૧૨ | ૯૬ | ૧૩ |
| | નગર | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૧ |
| | કુલ | ૪૫૮ | ૩૨૯ | ૨૧ | ૧૨ | ૯૬ | ૧૪ |
| વિસભ ૦૫/૨૦૧૫-૧૬ ભાષાઓ | જિલ્લા | ૩૩૩ | ૨૨૫ | ૧૬ | ૮ | ૮૪ | ૧૨ |
| | નગર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૩૪ | ૨૨૬ | ૧૬ | ૮ | ૮૪ | ૧૨ |
| વિસભ ૦૬/૨૦૧૫-૧૬ સામાજીક વિજ્ઞાન | જિલ્લા | ૨૮૬ | ૧૯૪ | ૧૭ | ૧૦ | ૬૫ | ૧૧ |
| | નગર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૮૭ | ૧૯૪ | ૧૮ | ૧૦ | ૬૫ | ૧૧ |
| કુલ એકંદર | | ૧૦૭૯ | ૭૪૯ | ૫૫ | ૩૦ | ૨૪૫ | ૩૭ |

**જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ અને સામાન્ય સૂચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

## અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સૂચનાઓઃ

૧. વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર ઓન-લાઈન તા.૨૩/૧૨/૨૦૧૫ સવારના ૧૧:૦૦ કલાકથી ***તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી*** ભરી શકાશે. ઓન-લાઈન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

૨. TET-2 પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું TET-2 Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

૩. ઓન-લાઈન ભરેલું ફોર્મ કમ્પ્યૂટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓન-લાઈન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો EDIT ની મદદથી ઓન-લાઈન સુધારા કરવા. અરજી ફોર્મની PRINT કાઢવા માટે Submit કર્યા પછી PRINT કાઢવી.

૪. સ્વીકાર કેન્દ્ર મારફત Final Submit કરાવતાં પહેલાં ફોર્મમાં EDIT ની મદદથી ઓન-લાઈન સુધારા કરી શકાશે.

૫. સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે. ઓન-લાઈન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ PRINT કરી લેવું.

૬. અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૭. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી, અને પસંદગી સમયે અચુક સાથે લાવવી.

૮. વિદ્યાસહાયક તરીકે પસંદગી પામનાર તમામ ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨, એસ.એલ.પી.નં.૯૯૫૦-૧૦૦૨૧/૨૦૧૨, એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ એલ.પી.એ.નં.૧૬૫૦/૨૦૧૨ અને એલ.પી.એ. નં.૧૬૫૧/૨૦૧૨ ઈન એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨, એસ.સી.એ.નં.૮૫૭૧/૨૦૧૨ વીથ એસ.સી.એ.નં.૮૮૮૫/૨૦૧૨ તથા એસ.સી.એ.નં.૧૩૪૨૫/૨૦૧૨ના આખરી ચુકાદાને આધીન નિમણૂંક આપવામાં આવશે.

**૯. અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૨૩/૧૨/૨૦૧૫ થી તા.૦૫/૦૧/૨૦૧૬ સુધી (શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) રુબરુમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.**

૧૦. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં.

VSB6to8-2015-16_1079_Guj_Advt04-05-06_WebsiteDPE@IT.PM

૧૧. અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

૧૨. વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૭૮૦૦/-ફિક્સ પગાર અને નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧, તા.૨૦/૧૦/૨૦૧૫ મુજબ નક્કી કરેલા ફિક્સ પગાર પર ખાસ ભથ્થુ, વાર્ષિક વધારો અને સેવાઓની શરતોમાં કરેલ સુધારા મુજબના લાભ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો-વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

૧૩. કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

૧૪. વયમર્યાદાઃ તા.૦૫/૦૧/૨૦૧૬ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષ કરતાં વધુ હોવી જોઈશે નહીં. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, મહિલા, શારીરિક રીતે અશક્તતા ધરાવતા તથા માજી સૈનિકો માટે નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.

૧૫. *વિદ્યાસહાયક ભરતી અંગેની તમામ માહિતી તથા અન્ય શરતો અને સુચનાઓ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. તેને ધ્યાને રાખીને અરજી કરવાની રહેશે.*

- **જિલ્લા શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**
- અનુ.જાતિ, અનુ.જન જાતિ અને સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના સા.વ.વિ.ના તા.૨૧/૧/૧૯૮૬ તથા તા.૨૩/૨/૧૯૯૪ ઠરાવ અન્વયે જે તે જિલ્લા માટે નિયત કરેલ ટકાવારી મુજબની જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ ભરવામાં આવશે. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ સરકારશ્રીના તા.૧૨/૦૨/૨૦૧૩ ના જાહેરનામાની જોગવાઈ મુજબ ભરવામાં આવશે.
- મહિલા ઉમેદવારો માટે સરકારશ્રીના સા.વ.વિ. ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨(ભાગ-૧) તા.૧૧/૧૧/૨૦૧૪ મુજબ અનામત જગ્યાઓ ભરવામાં આવશે.
- કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

## - <u>શૈક્ષણિત લાયકાત:</u>

- **શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક, તા.૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ તથા તે પછીના તા.૧૪/૦૭/૨૦૧૧, તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો અન્વયે વિદ્યાસહાયકની લાયકાતો નીચે મુજબ છે.**
- **ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયકઃ**

**(અ) ગણિત/વિજ્ઞાનના વિદ્યાસહાયકઃ**

(૧) શૈક્ષણિક લાયકાતઃ- બી.એસસી.
(ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર)
તાલીમી લાયકાતઃ- પી.ટી.સી. / **D.El.Ed.** (બે વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસસી.
(ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર)
તાલીમી લાયકાતઃ- બી.એડ્. (એક વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (**B.El.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ- ચાર વર્ષીય બી.એસસી. એજ્યુકેશન (**B.Sc.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી.
(ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર)
તાલીમી લાયકાતઃ- એક વર્ષીય બી.એડ્. (સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-**TET-II** ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ-ગણિત/વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

## (બ) ભાષાઓના વિદ્યાસહાયક:-

(૧) શૈક્ષણિક લાયકાતઃ- બી.એ. /બી.આર.એસ./બી.એસ.એસસી.(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત)
તાલીમી લાયકાતઃ- પી.ટી.સી. / **D.El.Ed.** (બે વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ.
તાલીમી લાયકાતઃ- બી.એડ્. (એક વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ધોરણ-૧૨(એચ.એસ.સી)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (**B.El.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ધોરણ-૧૨(એચ.એસ.સી)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ- ચાર વર્ષીય બી.એ.(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત)એજ્યુકેશન (**B.A.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી. (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત)
તાલીમી લાયકાતઃ- એક વર્ષીય બી.એડ્. (સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-**TET-II** ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ - ભાષાઓ) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

## (ક) સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક:-

(૧) શૈક્ષણિક લાયકાતઃ બી.એ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરીક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)
તાલીમી લાયકાતઃ પી.ટી.સી. / **D.El.Ed.** (બે વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરીક શાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)
તાલીમી લાયકાતઃ બી.એડ્. (એક વર્ષ)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨(એચ.એસસી)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (**B.El.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ ધોરણ-૧૨(એચ.એસસી)માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ
તાલીમી લાયકાતઃ ચાર વર્ષીય બી.એ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)
/બી.એસ.એસસી.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) એજ્યુકેશન (**B.A.Ed./B.Com.Ed./B.R.S.Ed./B.S.Sc.Ed.**)
અથવા
શૈક્ષણિક લાયકાતઃ- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ, ભૂગોળ, નાગરીકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)
તાલીમી લાયકાતઃ- એક વર્ષીય બી.એડ્. (સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-**TET-II** ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ-સામાજિક વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

ઉપર્યુક્ત (અ), (બ) અને (ક) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર (૧) પી.ટી.સી./D.El.Ed.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.Ed.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે. (૨) ઉમેદવારે પી.ટી.સી./D.El.Ed./બી.એડ્./ચાર વર્ષીય B.El.Ed.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય

VSB6to8-2015-16_1079_Guj_Advt04-05-06_WebsiteDPE@IT.PM

સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઈશે. (૩) બે વર્ષીય D.Ed.(સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed.(સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને વિચારણામાં લેવામાં આવશે. (૪) બે વર્ષીય D.Ed.(સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed.(સ્પેશીયલ એજ્યુકેશન)ની તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિમણૂક પછી એન.સી.ટી.ઈ. એ માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે. **(૫) શૈક્ષણિક લાયકાતમાં સ્નાતક કક્ષાએ ૪૪.૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈશે. એન.સી.ટી.ઈ., નવી દિલ્હી, તા.૧૦/૦૬/૨૦૧૧ના જાહેરનામા અન્વયે અનામત કક્ષાના ઉમેદવારોને શૈક્ષણિત લાયકાતમાં પાંચ(૫) ટકાની છુટછાટ મળવાપાત્ર થશે. આથી અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સ્નાતક કક્ષાએ ૩૯.૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈશે. (૬) ઉમેદવારે જો ટેટની પરીક્ષા એક કરતાં વધુ વખત આપેલ હોય તો ઉમેદવાર ટેટ(TET-II)ની જે માર્કશીટ રજુ કરશે તેને માન્ય રાખવામાં આવશે. ચકાસણી દરમ્યાન ટેટ(TET-II)ની પરીક્ષાની માહિતી ખોટી રજુ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.**

## પગાર ધોરણ:

- વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૭૮૦૦/-ફિક્સ પગાર અને નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧, તા.૨૦/૧૦/૨૦૧૫ મુજબ નક્કી કરેલા ફિક્સ પગાર પર ખાસ ભથ્થુ, વાર્ષિક વધારો અને સેવાઓની શરતોમાં કરેલ સુધારા મુજબના લાભ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો-વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

## વયમર્યાદા:

- **ઉમેદવારની તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ ઉમર-૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષ કરતાં વધુ હોવી જોઈશે નહીં.**

## વયમર્યાદામાં છુટછાટ:

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ(૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૫-૯૭ના ઠરાવની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ(૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં દસ (૧૦) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.

♣ **નોંધઃ- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ સાથેની ઉંમર કોઈ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહીં.**

## સામાન્ય સૂચનાઓ:

(૧) **સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ્.ની લાયકાતમાં યુનિવર્સિટીએ માર્કશીટમાં માત્ર CGPA(ગ્રેડ પોઈન્ટ) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ જે યુનિવર્સિટીમાંથી લાયકાત મેળવેલ હોય તે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાંથી અથવા જે કોલેજમાં અભ્યાસ કર્યો હોય તેના પ્રિન્સિપાલશ્રી પાસેથી કુલ ગુણ અને તેમાંથી મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબના ગુણ ઓન-લાઈન અરજીપત્રકમાં ભરવા અને મેળવેલ પ્રમાણપત્રની નકલ અરજી ફોર્મ સાથે અવશ્ય સામેલ કરવી.**

(૨) અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરુરી તમામ વર્ષ/સેમિસ્ટરના ગુણપત્રકો/પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. વધુમાં સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજુ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઈ કરવા માટે ફરજીયાત રજુ કરવાના રહેશે, અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહીં. જે પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. અનુસ્નાતકના કિસ્સામાં ઉમેદવારોએ અનુસ્નાતક **(એમ.એસસી., એમ.કોમ., એમ.એ., એમ.આર.એસ.) ની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ કરવી.**

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.

(૪) સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો **"ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી"** તે મતલબનું **તા.૩૧/૦૩/૨૦૧૫ ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષઃ૨૦૧૪-૧૫ નું તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૦૫/૦૧/૨૦૧૬** સુધી ઈસ્યુ થયેલ સક્ષમ સત્તાધિકારીનું નિયત નમુનામાં પ્રમાણપત્ર મેળવી તેની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. અન્યથા ઉમેદવારની અરજી સામાન્ય ઉમેદવાર તરીકે ધ્યાને લેવામાં આવશે. પાછળથી રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૫) શારિરીક અશકતતા ધરાવતા ઉમેદવારોએ શારિરીક અશકતતા અંગે સક્ષમ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર મેળવી તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શારિરીક અશકતતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઈશે.

(૬) ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી./બી.એડ.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઈ. ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર (માન્યતાના નંબર, તારીખ સહિત) ઉમેદવારે સબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર રજુ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(૭) સરકારશ્રીના શિ.વિ.ના તા. ૧૫–૭–૦૮ના પરીપત્ર નં. પીઆરઈ/૧૧૦૮/૮૧૪/કની જોગવાઈ મુજબ વિદ્યાસહાયક ભરતીમાં રમત–ગમત પ્રમાણપત્રોને આધારે મળતા ગુણ મેરીટમાં ધ્યાને લેવામાં આવશે નહી.

(૮) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂા. ૨૦૦/– (અંકે રુપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂા. ૧૦૦/– (અંકે રુપિયા એકસો પુરા) રહેશે. જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર ઉપર રોકડેથી ભરવાની રહેશે.

**(૯) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/પીઆરઈ/૧૧૨૦૧૦/એસએફ/૨૨/કે, તા.૧૨/૦૨/૨૦૧૩ અન્વયે હલન-ચલનની ખામી ધરાવતા (OA, OL, OAL) અને અલ્પદ્રષ્ટિ (LV)ની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરુપ ગણેલ છે. ઓછી દ્રષ્ટિએ મોડરેટ કક્ષાની (એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકા કરતાં ઓછી) અશક્તતાવાળા ઉમેદવારો લાયક ગણાશે.**

**(૧૦)વિદ્યાસહાયક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ વિદ્યાસહાયક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઈટ જોતા રહેવું.**

**(૧૧)અરજી પત્રકમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને તે નંબર ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરુરી છે.**

**(૧૨)ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઈ-મેઈલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરુર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય. ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી ઈ-મેઈલ જોતાં રહેવું.**

**(૧૩)ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં.**

**(૧૪)વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.**

**(૧૫)વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે.**

**(૧૬)પસંદગી યાદી તૈયાર કરવાની ગુણાંકન પધ્ધતિ માટે શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૧ નો ઠરાવ તથા તા.૧૪/૦૭/૨૦૧૧, તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો પણ વેબસાઈટ ઉપર જોવા મળશે.**

**(૧૭)ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિના તા.૦૯/૦૮/૨૦૧૧ના સરક્યુલર ઠરાવના મુદ્દા નં.૪ અને ૫ અન્વયે,**

**૧) કોઈપણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓનાં ગુણપત્રકમાં જે કુલ ગુણ (Grand Total) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (Obtain Marks) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવામાં આવશે.**

**૨) કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,**

**અ. જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે.**

બ. જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને અંતિમ ડીગ્રી પરીક્ષા પાસ કરી હોય અને વિષય મુક્તિ મેળવેલ હોય તે દરેક પ્રયત્નનાં કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નક્કી કરવામાં આવશે.

ક. જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરીક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાનાં પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનનાં ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયનાં કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરીક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

(૧૮)શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૦૫/૦૧/૨૦૧૬ (CUT-OFF DATE) ધ્યાને લેવાશે. આ CUT-OFF DATE બાદ મેળવેલ કોઈ પણ પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.

(૧૯)ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે. જે અંગે પાછળથી કોઈ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહીં.

## <u>અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સૂચનાઓ:</u>

**(૧) વિદ્યાસહાયક અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ www.vidyasahayakgujarat.org ઉપર ઓન-લાઈન તા.૨૩/૧૨/૨૦૧૫ સવારના ૧૧:૦૦ કલાકથી *<u>તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક</u>* સુધી ભરી શકાશે. ઓન-લાઇન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.**

**(૨) TET-II પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને ટેટની પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું TET-II Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.**

**(૩) અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.**

**(૪) સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે. ઓન-લાઈન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ PRINT કરી લેવું.**

**(૫) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઉમેદવારે પ્રિન્ટ કરેલ ફાઈનલ અરજીની એક નકલ પોતાની પાસે સાચવી રાખવી.**

**(૬) અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ મેળવવી અને પસંદગી સમયે પહોંચ અને Final Submit કરેલ અરજી પત્રકની નકલ અચુક સાથે લાવવી.**

**(૭) અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૨૩/૧૨/૨૦૧૫ થી તા.૦૫/૦૧/૨૦૧૬ સુધી રુબરુમાં (શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.**

**(૮) ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં.**

**(૯) ઓન-લાઈન ભરેલું ફોર્મ કમ્પ્યૂટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓન-લાઈન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો EDITની મદદથી ઓન-લાઈન સુધારા કરવા. તે પછી ફોર્મ SUBMIT કરવાનું રહેશે. SUBMIT કર્યા પછી ફોર્મમાં કોઈ સુધારો થઈ શકશે નહીં.**

**(૧૦) ફોર્મ SUBMIT કર્યા પછી અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૨૩/૧૨/૨૦૧૫ થી તા.૦૫/૦૧/૨૦૧૬ સુધી રુબરુમાં (શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહીં. આમ છતાં જો કોઈ સુધારો કરવાની જરુર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ સુધારો કરી શકાશે.**

**ડૉ.ભરત પંડિત**

**તા.૧૮/૧૨/૨૦૧૫**

**સ્થળ: ગાંધીનગર**

**અધ્યક્ષ,**
**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ**
**અને પ્રાથમિક શિક્ષણ નિયામક,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**જા.ક્ર.વિસભ:૦૪-૦૫-૦૬/૨૦૧૫.**

* * * * * *